તા. ૦૭-૦૭-૨૦૧૨

## સંદેશ

સૌરાષ્ટ્રનું મહુવા એટલે લીલી નાઘેર તરીકે ઓળખાતો આ વિસ્તાર, જ્યાં માનવતા મહોરી ઊઠે એવા સાગરતટ નજીકનો આ ભૌગોલિક પ્રદેશ. સંતો અને શૂરાની ખમીરવંતી તથા દાતાની આ ભૂમિ. અહીં વેદકાળથી આજદિન સુધી આધ્યાત્મિક માર્ગે ચાલનારા સહુ કોઈ પૌરાણિક કાળથી ચાલી આવતી પરંપરાઓને સાંકળી જનસમૂહ કાજે કલ્યાણની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરતા રહે છે.

ગુજરાત પ્રદેશ પરમ ભાગ્યશાળી રહ્યો છે, જેમાં અનેકાનેક સેવાભાવી સંસ્થાઓ તેમજ ધાર્મિક-આધ્યાત્મિક સંસ્થાઓ સરકારી તંત્રના સહયોગ સાથે જનકલ્યાણનાં કાર્યોનું આયોજન કરતી રહે છે.

**શ્રી સુરભિ ચેરીટેબલ ટ્રસ્ટ, મહુવા** દ્વારા અન્ય સહયોગીઓના સહકારથી રત્ન કલાકારોના વિશેષ લાભાર્થે ૨૦મા વ્યસનમુકિત અભિયાનનું આયોજન થઈ રહેલ છે, ઉમદા કાર્ય માટે અભિનંદન પાઠવું છું. આ સેવા યજ્ઞમાં સામેલ સહુ કોઈને હાર્દિક શુભકામનાઓ પાઠવું છું.

સૌનો,

(નરેન્દ્ર મોદી)

પ્રતિ,
**શ્રી જીજ્ઞેશ જે. મહેતા**, ટ્રસ્ટીશ્રી,
સુરભિ ચેરીટેબલ ટ્રસ્ટ, મહુવા,
શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ કોમ્યુનિટી હોલ,
પહેલા માળે, ઓફિસ નં.-૨, ગાંધીબાગ પાસે,
મહુવા-૩૬૪૨૯૦.

નરેન્દ્ર મોદી
મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય

૨૨-૭-૧૯

# મહુવામાં સુરભિ ચેરી.ટ્રસ્ટ દ્વારા વ્યસન મુકિત અભિયાન

## તમાકુ ગુટકાના સેવનથી કેન્સરગ્રસ્ત દર્દીની વડોદરામાં ચાલતી સારવાર : વ્યસન છોડવા અપીલ

મહુવા બ્યુરો | 21 જુલાઇ

મહુવાના સુરભિ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા બે દાયકાથી વ્યસન મુક્તિ અભિયાન નિ:સ્વાર્થ પણે ચલાવવામાં આવે છે. આ વ્યસન મુક્તિ અભિયાન અનેક વ્યક્તિઓએ વ્યસન છોડ્યા છે. તાજેતરમાં તમાકું ગુટખાના સેવનથી કેન્સર ગ્રસ્ત દર્દીની વ્યથા આ સાથે રજુ કરેલ છે.જેથી અન્ય વ્યક્તિઓ પણ વ્યસનની ગંભીરતા લક્ષમાં લઇ વ્યસન છોડી શકે.

મહુવા વ્યાયામ મંદિર પાસે રહેતા જયેશભાઇ મોહનભાઇ ગોહિલે માળી કામ સાથે મહુવા હોમગાર્ડઝ યુનિટમાં ફરજ બજાવે છે. તેઓને બે યુવાન દિકરી અને એક દિકરો છે. વૃદ્ધ માતા-પિતાની સેવા કરવાની છે, પત્ની ઘરકામ કરે છે.

તેઓએ જણાવેલ કે છેલ્લા પંદર વર્ષથી દરરોજ તેઓ 10 થી વધારે તમાકુ અને માવા ખાતા હતા, તેમને ગત જાન્યુઆરી માસમાં દાઢનો દુ:ખાવો થતા નિદાન કરાવતા તેમને ગલોફામાં કેન્સરની ગાંઠ હોવાનુ નિદાન થતા કેન્સરની સારવાર 6 માસથી ચાલે છે. રેડીએશન, કીમોથેરાપી વગેરે પીડા ભોગવવા છતા મોઢુ એક ઈંચથી વધુ ખુલતુ નથી. આથી રાઇસ ટયુબ દ્વારા ખોરાક લેવો પડે છે.

હાલ તેઓ વાઘોડીયા વડોદરા સ્થિત કૈલાસ કેન્સર હોસ્પિટલમાં સારવાર લે છે. અમૃતમ યોજના ના કાર્ડની આર્થિક સહાય ઉપરાંત સવા લાખનો ખર્ચ થઇ ચુક્યો છે. હજુ કેટલો થશે તેનો અંદાજ નથી. આથી તેઓએ પાન-માવા, ગુટલા, તમાકુ, મસાલા, બીડી-સીગરેટ નુ સેવન કરી રહેલ ભાઇ/બહેનોને તમાકુ સેવન ન કરવા વિનંતી કરી છે. કે જેથી મારા જેવી પીડા સહન ન કરવી પડે.

સૌરાષ્ટ્ર સમાચાર

દરેક દિશામાંથી અમોને શુભ વિચારો પ્રાપ્ત થાઓ — ઋગ્વેદ

# શ્રી સુરભિ ચેરીટેબલ ટ્રસ્ટ – મહુવા

ટ્રસ્ટ રજિ. નં.E 2721(ભાવનગર) 80 G (5) 711/09-10

શ્રી સુરભિ ચેરીટેબલ ટ્રસ્ટ મહુવા તથા નશાબંધી અને આબકારી ખાતુ, ભાવનગર (ગુજરાત, રાજય) ના સૌજન્ય થી પૂ. શ્રી નરેશમુનિ મહારાજ ની પ્રેરણા, તથા પૂ મોરારિબાપુના આશીર્વાદ અને ડાયમંડ એસોસીએશન મહુવા ના સહકાર થી રત્ન કલાકારોના વિશેષ લાભાર્થે

# ૨૦ મો વ્યસનમુકિત અભિયાન

## (૭-૮-૯ જુલાઈ ૨૦૧૨) (ડોકયુમેન્ટ્રી ફિલ્મ તથા પ્રદર્શન)

આજના યુગમાં સમાજ માં વ્યસનો ની બદી ફાલીફુલી છે. કિશોરો, યુવાનો, વડીલો, વગેરે સદાચારના શ્રેષ્ઠ માર્ગને ભુલી નશાકારક અને નુકશાનકારક વ્યસનો દ્વારા અધઃ પતનની ખાઇ તરફ ગતિ કરી રહયા છે. આવી દુઃખદ સ્થિતિ થી અનેક પરિવારો અને સમાજને ખૂબજ નુકશાન થઇ રહયુ છે આથી આપણો સમાજ વ્યસન મુકત થઇ સ્વસ્થ જીવન જીવે અને સર્વાંગી વિકાસ થાય તેવા શુભ હેતુ થી " સુરભિ " સંસ્થા દ્વારા હિરા ઉદ્યોગ સાથે જોડાયેલ તમામ ભાઇ-બહેનો, રત્ન કલાકારો, સંચાલકો માટે એક વિશેષ ટેલી ફિલ્મ તથા પ્રદર્શન નું આયોજન કરવામાં આવેલ છે. તો આવા સ્વસ્છ,સાત્વિક કાર્યક્રમમાં જોડાઇને સમુધ્ધ સમાજ બનાવવાના અમારા નિઃસ્વાર્થ સેવાયજ્ઞ ને સફળ બનાવવાઅપીલ કરવા માં આવે છે.

## :: કાર્યક્રમ ::

| | | |
|---|---|---|
| તા. :- ૭-૭-૧૨ શનિવાર | નવા બસ સ્ટેન્ડ પાછળ હિરાબજાર | બપોરના ૧ થી ૩ કલાક |
| તા. :- ૮-૭-૧૨ રવિવાર | માર્કેટીંગ યાર્ડ, સરદાર ભવન હોલ | બપોરના ૧ થી ૩ કલાક |
| તા. :- ૯-૭-૧૨ સોમવાર | અમૃતબજાર, ૩ જો માળ, સભાખંડ | બપોરના ૧ થી ૩ કલાક |

## :: નિમંત્રક ::

ગણેશભાઇ પટેલ
પ્રમુખ
શ્રી ડાયમંડ એસોસીએશન
મહુવા

શ્રી દીપકભાઇ વી. જોષી
સુપ્રિન્ટેન્ડેન્ટ શ્રી
નશાબંધી અને આબકારી ખાતુ,
ભાવનગર(ગુજરાતરાજય)

મનહર ડી વોરા
પ્રમુખ
સંદીપ વી. મિસ્ત્રી
મા. મંત્રી

પ્રો.ચેરમેન :- રાજેશ શાહ
અશ્વિનભાઇ રાજયગુરૂ
પરેશભાઇ ત્રિવેદી

તથા સુરભિ પરિવાર - મહુવા



વ્યસન છુટશે વિવેક થી, સમજણથી નહી, કે પશુબળ વાપરવાથી
વ્યસન ની માણસને જરાય જરૂર નથી એ જગ પ્રસિધ્ધ વાત છે
- મહાત્મા ગાંધીજી




# પ્રયોશા કોમ્પ્યુટર એકેડેમી

➡ MS-OFFICE,
➡ TALLY,
➡ DTP
➡ IT KIDS
➡ SPOKEN ENGLISH

સર્વોદય સોસાયટી, કોલેજ રોડ, મહુવા
૯૪૨૭૯૮૯૨૧૪/૯૨૭૫૩૩૩૭૪
yogi.desai44@yahoo.com

➡ PGDCA
➡ MSCIT
➡ C++
➡ JAVA
➡ DCA
➡ VISUAL BASIC

સરકાર માન્ય CCC & CCC+


જય ગોપનાથ પ્રિન્ટર્સ મહુવા - ૯૪૨૬૪૬૨૮૯૮/૮૮૬૬૬૩૪૦૩૬

# મહુવામાં આજથી ત્રિદિવસીય વ્યસન મુક્તિ ઝુંબેશનો પ્રારંભ

મહુવા બ્યુરો. 6 જુલાઇ

સુરભી ચેરીટિબલ મહુવા તથા નશાબંધી અને આબકારી ખાતું-ભાવનગરના સૌજન્યથી પૂ. નરેશમુની મહારાજની પ્રેરણા તથા પૂ. શ્રીમોરારીબાપુના આશીર્વાદ અને ડાયમંડ એસોસીએશન મહુવાના સહકારથી રત્નકલાકારોના વિશેષ લાભાર્થે 20મો વ્યસનમુક્ત અભિયાન તા.7-8-9 જુલાઈ રાખેલ છે.

હિરા ઉદ્યોગ સાથે જોડાયેલ તમામ ટેલી ફિલ્મ તથા પ્રદર્શન તા.7/7ને શનિવારે બપોરના 1 થી 3 નવા બસસ્ટેન્ડ પાછળ હિરા બજાર, તા.8/7ને રવિવારે બપોરે1 થી 3 માર્કેટીંગ યાર્ડ, સરદાર પટેલ ભવન તથા તા.9/8ને સોમવારે બપોરે 1 થી 3 અમૃતબાજાર, 3જા માળે, સભાખંડમાં રાખેલ છે.

કાર્યક્રમમાં જોડાઈને સમુધ્ધ સમાજ બનાવવાના સંસ્થાના સેવાયજ્ઞને સફળ બનાવવા પ્રમુખ મનહર વોરા, નશાબંધી આબકારી સુપ્રીન્ટેન્ડેન્ટ ડી.વી. જોષી તથા ડાયમંડ એસોના પ્રમુખ ગણેશભાઇ પટેલે નમ્ર અપીલ કરેલ છે.

શ્રી
# સુરભિ ચેરીટેબલ ટ્રસ્ટ
મહુવા

રજત જયંતી વર્ષ (૧૯૯૩ - ૨૦૧૮)

કાર્યાલય : શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ કોમ્યુનીટી હોલ, પહેલા માળે, ઓફિસ નં. ૨,
ગાંધી બાગ પાસે, મહુવા - ૩૬૪ ૨૯૦. સંપર્ક : ૯૪૦૯૩૩

## વ્યસનમુકિત અભિયાન

પ્રતિ,

વ્યસન પ્રિય ભાઈઓ તથા બહેનો !!! નમ્ર પ્રાર્થના !

**હવે તો જાગો !!!** પ્રસ્તુત તસ્વીરો કેન્સરથી પીડિત વ્યકિતઓની છે જે તમને તમાકુ, ગુટખા, તમાકુયુકત પાન, માવા, મસાલા, છુટકી બીડી, સિગારેટ વિગેરેના વર્ષોથી બંધાણી (વ્યસની) છો. આ તસ્વીરો તમને આવા હાનિકારક બંધાણથી મુકત થવાની પ્રેરણા આપે છે. આજે જ આપના સ્વાસ્થ્યને ગંભીર નુકશાનકારક વ્યસન છોડવા અમો નમ્ર અપીલ કરીએ છીએ.

**ચેતવણી : દસ વર્ષ કરતા વધારે સમયથી વ્યસન કરતી વ્યકિતઓને કેન્સર થવાની ૭૦% થી વધુ શકયતા રહેલી છે.**

– ઈન્ડિયન મેડીકલ એસોસીએશન



તાળવાનું કેન્સર



જીભનું કેન્સર



ગલોફાનું કેન્સર



ગળાનું કેન્સર (મહિલા દર્દી)


જીભનું કેન્સર


તાળવાનું કેન્સર


કાનનું કેન્સર


નાકનું કેન્સર


તાળવાનું કેન્સર (મહિલા દર્દી)


જડબાનું કેન્સર

**નમ્ર નિવેદન**

અમારી આ પત્રિકા આપને વ્યસન છોડવા કટિબદ્ધ કરી શકે તો અમારી સંસ્થાના ઉપરોકત કાર્યાલય પર આપનો પ્રતિજ્ઞા પત્ર, આધાર કાર્ડની નકલ સાથે કવરમાં પોસ્ટ દ્વારા જરૂર મોકલશો. અમો આપનું યથાશકિત બહુમાન કરવા પ્રયત્નશીલ રહીશું.

પત્રિકા સૌજન્ય
વિમલ ફાઉન્ડેશન
VIMAL

